પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૬૪ | ૧૪ મે, ૨૦૨૩, રવિવાર; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

કર્ણાટકમાં ૧૩૫ બેઠકો સાથે કોંગ્રેસનો પ્રચંડ વિજય

દેશમાં નફરતનું બજાર બંધ, પ્રેમની દુકાન ખુલી : રાહુલ ગાંધી : આ લોકોના મુદ્દાની જીત છે, કર્ણાટકની પ્રજાનો આભાર, આ દેશને જોડવાનું રાજકારણ છે, અમે અમારા વાયદાઓ જલદી પૂરાં કરીશું : પ્રિયંકા ગાંધી

બેંગલુરૂ, તા.૧૩

કર્ણાટક વિધાનસભા ચૂંટણી હેઠળ ૧૦ મેના રોજ મતદાન બાદ આજે મતગણતરી શરૂ થઈ હતી. મતગણતરી રાજ્યના ૩૬ સેન્ટર પર સવારના ૮ વાગ્યાથી શરૂ થઈ હતી. શરૂઆતના વલણની વાત કરીએ તો ૨૨૪ વિધાનસભા બેઠકો ધરાવતા કર્ણાટકમાં મતગણતરીના આવેલા શરૂઆતના વલણોમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે મજબૂત ટક્કર જોવા મળી રહી હતી.



ઉલ્લેખનીય છે કે મોટાભાગના એક્ઝિટ પોલમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ટક્કર જોવા મળી હતી. જોકે જેડીએસને કિંગમેકરની ભૂમિકામાં બતાવવામાં આવી હતી પણ હવે કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી છે. કોંગ્રેસને ૧૩૫, ભાજપને ૬૩, જેડીએસને ૧૯ બેઠક, અપક્ષને ૪ બેઠકો મળી છે. આ આંકડા આઠ વાગ્યા સુધીના છે.

કોંગ્રેસને બહુમતી મળી છે. કોંગ્રેસના કાર્યકરો અને સમર્થકો બેંગલુરુમાં પાર્ટી કાર્યાલયની બહાર ઉજવણી કરી હતી. બીજી તરફ કોંગ્રેસના ઘણા મોટા નેતાઓ કર્ણાટક પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમારને મળવા પહોંચવા લાગ્યા હતા.

કર્ણાટકના બેંગલુરુની હિલ્ટન હોટલમાં ૫૦ રૂમ બુક કરવામાં આવ્યા છે. આ રૂમ કોંગ્રેસના ધારાસભ્યો માટે બુક કરવામાં આવ્યા છે. કોંગ્રેસે તમામ વિજેતા ઉમેદવારોને રાત્રે ૮ વાગ્યે હોટલ પર પહોંચી જવા જણાવ્યું છે. આવતીકાલે વિધાનસભા પક્ષની બેઠક મળશે.

યુથ કોંગ્રેસ પ્રમુખ શ્રીનિવાસ બીવીએ ટ્વીટ કરીને કહ્યું કે, જય બજરંગબલી, તોડી દીધી ભ્રષ્ટાચારની નળી.

વડાપ્રધાન મોદી માટે લોકપ્રિય સમર્થનથી પ્રેરિત ભાજપનું લક્ષ્ય ૩૮ વર્ષ જૂની પરંપરાને તોડવાનું છે કેમ કે ૧૯૮૫થી કર્ણાટકમાં વર્તમાન પાર્ટી સત્તામાં ફરી ચૂંટાઈ નથી. તેનાથી વિપરિત કોંગ્રેસ આ જીતને આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પ્રાથમિક વિપક્ષી દાવેદાર તરીકે તેની સ્થિતિને મજબૂત કરવાના પ્રયાસ તરીકે જોઈ રહી છે. કર્ણાટકમાં ફરી એકવાર જેડીએસના કિંગમેકર બનવાની આશા છે. ૧૦માંથી ૫ એક્ઝિટ પોલ ત્રિશંકુ વિધાનસભાની આશા વ્યક્ત કરી રહ્યા છે એટલે કે જેડીએસ વિના સરકાર રચાઈ નહીં શકે. પોલ ઓફ પોલ્સમાં

● અનુસંધાન પાન-૭ પર

કર્ણાટકમાં વિજય માટે કોંગ્રેસને મોદીએ અભિનંદન પાઠવ્યા

બેંગલુરૂ, તા.૧૩

કર્ણાટકમાં કોંગ્રેસની જીત પર પીએમ મોદીએ ટ્વીટ કર્યુ છે. તેમણે કોંગ્રેસને શુભેચ્છાઓ પાઠવી છે.

મોદીએ લખ્યું, કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં જીત પર કોંગ્રેસ પાર્ટીને અભિનંદન. લોકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે મારી તેમને શુભેચ્છાઓ.

કોર્ટમાંથી બહાર નિકળતા સમયે ઈમરાનખાન પર ફાયરિંગ થયું

ઈસ્લામાબાદ, તા.૧૩

પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાનખાન પર ફરી ફાયરિંગ કરવામાં આવ્યુ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ઈમરખાન ખાન જામીન મળ્યા બાદ જ્યારે ઈસ્લામાબાદ હાઈકોર્ટ પરિસરમાંથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે એક કરતા વધારે રાઉન્ડ ફાયરિંગ કરાયુ હતુ. જોકે ઈમરાન ખાનને તો કોઈ નુકસાન થયુ નથી પણ આ ફાયરિંગનુ ટાર્ગેટ ઈમરાન ખાન હતા તેવી અટકળો થઈ રહી છે. આટલી જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે હુમલાખોરો ફાયરિંગ કેવી રીતે કરી શક્યા અને એ પછી ભાગી છુટવામાં પણ કેવી રીતે સફળ થયા તેના પર સવાલો ઉભા થઈ રહ્યા છે. હાઈકોર્ટની આસપાસના વિસ્તારમાં પોલીસે તપાસ પણ શરુ કરી હતી અને તેમાં ખબર પડી હતી કે અજાણ્યા લોકોએ હાઈકોર્ટની ઈમારત પાસે એક કબ્રસ્તાન અને એક ગલી પાસે ફાયરિંગ કર્યુ હતુ. આ ફાયરિંગનુ ટાર્ગેટ ઈમરાન હતા તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હાઈકોર્ટથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે એક કરતા વધારે રાઉન્ડ ફાયરિંગ, ઈમરાન ખાનને કોઈ નુકસાન થયું નથી

પોલીસનુ કહેવુ છે કે, ફાયરિંગની અન્ય એક ઘટના પણ બની હતી અને તેમાં પોલીસ અધિકારીઓને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. જોકે આ બંને ઘટનાઓમાં કોઈ નુકસાન થયુ નથી.

બીજી તરફ હાઈકોર્ટમાંથી નીકળીને ઈમરાન ખાનને ઈસ્લામાબાદના રૂટ પર મુસાફરી કરવા માટે સુરક્ષાના કારણને આગળ ધરીને મંજૂરી આપવામાં આવી નહોતી.

આનાથી સસ્તુ ગાંધીનગરમાં ક્યાંય નહીં, ક્યારેય નહીં
વધી જ વેરાઈટીઝ બધી જ સાઈઝમાં ઉપલબ્ધ L અને 5XL સુધી
બધી જ સાઈઝમાં બધી જ વસ્તુ મળશે
લગ્ન પ્રસંગ અને ઈદમાં પહેરાય એવા ક્રોપટોપ, સરારા સેટ, ઈન્ડો વેસ્ટન ૧ પીસ નવો સ્ટોક આવી ગયેલ છે.
પ્રિન્ટ હેરમ-૧૦૦થી ૧૫૦ ● પ્રિન્ટ પાઈઝામા ખિસાવાળા ૧૫૦થી ૨૫૦ ● પ્રિન્ટેડ કેપરી અને શોર્ટ ૧૦૦થી ૧૫૦ ● બ્રાન્ડેડ ટીશર્ટ L અને 5XL ૧૫૦ થી ૨૫૦ ● કમ્ફર્ટ પેન્ટ ૨૫૦ થી ૩૦૦ ● ૧૦૦૦ રૂ.માં પાંચ કુર્તી ખરીદો પાંચ બ્રાન્ડેડ લેગીન્સ અને મેળવો એક લેગીન્સ ફ્રી ● કોટન ઈકટ, અઝરખ અને કેમરીકની કુર્તીઓ ફક્ત ૧૦૦૦ રૂ. ચાર ● શોર્ટ કુર્તીનું નવું કલેકશન આવી ગયું છે.
સૌથી સસ્તુ ગાંધીનગરમાં એકમાત્ર સેલ
ફેન્સી દુપટ્ટા મેચીંગવાળા મળશે
કુર્તી સેટ ૩૫૦ થી ૪૫૦ ● કોપ ટી શર્ટ, વેસ્ટર્ન ટોપ ● ટ્યુનીક ● વેસ્ટર્ન ટોપ ● હુડી ટી-શર્ટ ● શોર્ટ કુર્તી ● નાઈટ વેરના ગાઉન ● જીન્સ જેકેટ (Importent જેકેટ) ● કુર્તી ગરારા સેટ ● નેટવાળા ૧ પીસ અને સિલ્ક કુર્તીના ૩ પીસ સેટ ● પાર્ટી વિયર ૧ પીસ ● ચીકન કુર્તી ● કોટીવાળા કુર્તી સેટ ● કુર્તી પેન્ટ સેટ ● સીગાર પેન્ટ ● કુર્તી પેન્ટ, લેગીન્સ કમ્ફર્ટ ● એન્કર લેગીસ ● જીન્સ પેન્ટ ● જીન્સ સોર્ટી ● નાઈટ સેટ ● જીન્સ જોગર્સ

હોલસેલ માટે 7874226227/28
આસ્થા એન્ટરપ્રાઈઝ
સેક્ટર-૨૪, ચોકડી, બજાજ બાઈક શો-રૂમની બાજુમાં, કેપીટલ સ્પોર્ટસની લાઈનમાં સેક્ટર-૨૩, ગાંધીનગર
બધા જ દિવસો સવારે ૧૦ થી રાત્રે ૯ સુધી ચાલુ રહેશે.
હેરમ, પ્લાઝો, નોટ પેન્ટ, સિક્સ પોકેટ પેન્ટ, લેસવાળું પેન્ટ, નેટવાળું પેન્ટ, બોલ બેટમ, કમ્ફર્ટ સ્ટેટ પેન્ટ, કમ્ફર્ટ કુર્તી પેન્ટ અને એન્કર લેગીન્સ બધી જ વેરાઈટીમાં મળી રહેશે.
(૧) ૨૫૦માં ૨ પીસ પ્લાઝો મળશે (૨) ૨૫૦માં નાઈટવેર ટ્રેક મળશે.
હોલસેલ ઈન્કવાયરી : 92272 13865
એક્ઝીબિશન કમ સેલ
તા. ૧૩, ૧૪, ૧૫ મે-૨૦૨૩ રાખેલ છે.
સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, પોલીસ ચોકીની સામે, ગાંધીનગર
લેડીઝ સ્ટાફ જોઈએ છે : સંપર્ક કરો મો.૯૨૨૭૨ ૧૩૮૬૫

M.D.GROUP TUITION
• Std. 11-12 Maths - Phy - Chem - Bio
• Std. 11-12 Accounts - Statistics - Eco - BST
• Std. 6 to 10 Maths - Science - English & S.S * Both Medium
IELTS & UPSC-GPSC-IAS-IPS
ICSE - CBSE - GSEB - IB - ISC
Group and Personal Tuition at your home
ICSE Specialist M.D. SIR
Director : M.D. Patel (M.D. SIR) Elect. Engg.& B.Sc. Maths.)
Branch : (1) F-3-4 Sarthak Fortune Mall, Nr. City Pulse, Urjanagar, Kudasan. (2) Sargasan (3) Plot No. 353/1, Sec.2-B
Mo. 9377128297, 8849161449

શિક્ષકો જોઈએ છે
શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત શ્રી છગનભા સાર્વજનિક પ્રાથમિક શાળા નોન ગ્રાન્ટેબલ અને શેઠ એસ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ શ્રી બી. પી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ શાળા માટે નીચે મુજબની લાયકાત ધરાવતા શિક્ષકો જોઈએ છે.
પ્રાથમિક વિભાગ નોન ગ્રાન્ટેબલ વિભાગ માટે (ધોરણ-૧ થી ૫)
(૧) B.Sc., B.Ed./P.T.C. - ગણિત / વિજ્ઞાન / સાયન્સ
(૨) B.A., B.Ed./P.T.C. - અંગ્રેજી
(૩) B.A., B.Ed./P.T.C. - ગુજરાતી / પર્યાવરણ (બે માસ માટે હંગામી)
ધોરણ ૬ થી ૮ માટે (હંગામી)
(૪) B.A., B.Ed. - સા. વિ. / ગુજરાતી / હિન્દી
ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ (હંગામી જગ્યા)
(૫) M.Com., B.Ed. - આંકડાશાસ્ત્ર / વા. વ્યવસ્થા
જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરમાં અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે નીચેના સ્થળે અને સમયે હાજર રહેવું.
ઓપન ઈન્ટરવ્યુ તારીખ : ૨૭/૫/૨૦૨૩, શનિવાર, સમય સવારે - ૯-૩૦ કલાકે
સ્થળ : શેઠ એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ શ્રી બી.પી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, સરઢવ, તા. જિ. ગાંધીનગર